# ECHO OF HIS CALL

# સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE (ECHO GROUP)

*India's National Spiritual Newspaper*

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

**Editor : S. SAM SELVA RAJ** | **16 Languages** | **Associate Editor : Bro. PANKAJ C. WADIA**

VOL: XXIV | YEAR OF OUR LORD JESUS CHRIST, JULY 2022 | NO: 05


## પવિત્ર બાઈબલ

**કૃપા કરી આ ભાગ મોઢે કરો**
**પ્રભુની સ્તુતિ થાઓ!!**

**ગીતશાસ્ત્ર ૩૦:૧-૧૦**

૧. હે યહોવા, હું તને મોટો માનીશ; કેમ કે તે મારો અભ્યુદય ક્યોં છે, અને મારા શત્રુઓને મારા પર હર્ષ પામવા દીધો નથી.

૨. હે મારા દેવ યહોવા, મેં તને અરજ કરી, અને તેં મને સાજો ક્યોં છે.

૩. હે યહોવા, તું મારા જીવને શેઓલમાંથી કાઢી લાવ્યો છે. પણ તેં મને જીવતો રાખ્યો છે, તેં મને કબરમાં પડવા દીધો નથી.

૪. હે યહોવાના ભક્તો, તેનાં સ્તોત્ર ગાઓ, અને તેના પવિત્ર નામની આભારસ્તુતિ કરો.

૫. કેમ કે તેનો કોપ કેવળ ક્ષણિક છે; પણ તેની મહેરબાની જિંદગીભર છે; રુદન રાત પર્યંત રહે, પણ સવારમાં હર્ષનાદ થાય છે.

૬. હું સુખમાં હતો ત્યારે મેં કહ્યું કે, હું કદી ડગીશ નહિ.

૭. હે યહોવા, તેં તારી મહેનરબાનીથી મારા પર્વતને અચળ ક્યોં છે; તેં તારું મુખ ફેરવ્યું કે, હું ભયભીત થયો.

૮. હે યહોવા, મેં તને અરજ કરી; અને મેં તારી યાચના કરી કે,

૯. જો હું કબરમાં જાઉં તો મારા મરણથી શો લાભ થાય? શું ધુળ તારી સ્તુતિ કરશે? શું તે તારું સત્ય પ્રગટ કરશે?

૧૦. હે યહોવા, સાંભળ, અને મારા પર દયા કર, હે યહોવા, તું મારો સહાયકારી થા.

# તમારો નિર્ણય તમારુ ભવિષ્ય નક્કી કરે છે!

*(મુખ્ય મંડળી પર પાળક એસ. સામ સેલ્વરાજે આપેલો સંદેશો.)*

YOUR DECISION DETERMINES YOUR DESTINY!

**આ દુનિયામાં દરેક જણ ઈચ્છે છે કે તેમના જીવનમાં સારી બાબતો થાય – અનપેક્ષિત અથવા અપેક્ષિત આશીર્વાદો! બઢતીઓ!! પણ દરેકને ઈશ્વર તરફથી એક અનન્ય તેડું મળેલું છે અને તેઓ આપણ દરેકને જુદા જુદા માર્ગોએ દોરે છે. આપણું તેડું અલગ હોઈ શકે પણ યોગ્ય સમયે આપણે કરેલા નિર્ણયો આપણું ભાવિ નક્કી કરી શકે છે. જ્યારે આપણે ઘણા લોકોના જીવનોનો અભ્યાસ કરીએ છીએ ત્યારે આ સત્ય પ્રગટ કરવામાં આવે છે. આવો આપણે એલિયા, એલિશા પ્રબોધકો અને એલિશાના સહાયક ગેહઝીના જીવનનો અભ્યાસ કરીએ. આ સર્વ માણસો એકમેકના સમકાલિન હતા.**

## 1. એલિયા પ્રબોધક


એલિયા ઈ.સ. પૂર્વ ૯૧૦-૮૯૬ના સમય દરમિયાન થઈ ગયો. તે ગિલયાદનો તિશ્બી હતો. તેનું જીવન પૂર્વનિર્ધારિત હતું અને યહોવા પ્રભુએ તેને પ્રબોધક થવા તેડ્યો હતો. બાઈબલ તેના જન્મ વિશે કે તેના કુટુંબ વિશે કોઈ માહિતી આપતું નથી. ''એલિયા''ના નામનો અર્થ છે. ''યહોવા મારા ઈશ્વર છે.'' જ્યારે આપણે એલિયાના જીવન તરફ પૂર્ણ રીતે જોઈએ છીએ, ત્યારે આપણને જણાઈ આવે છે કે તે તો યહોવા પ્રભુ હતા, જેઓએ તેને આકાશમાં લઈ લીધો હતો. તેણે મરણનો અનુભવ ક્યોં નહતો. તેની અંતિમ વિધિ થઈ ન હતી. અને જ્યારે તે પૃથ્વી પર હતો, ત્યારે તે વૈરાગી જીવન જીવતો હતો, પ્રાણીઓના વાળમાંથી બનાવેલા વસ્ત્રો પહેરતો હતો. તેની કમરે કમરબંધ પહેરતો હતો.

ઈશ્વરે આ માણસને જોયો, જે અરણ્યમાં રહેતો હતો, પવિત્ર જીવન જીવતો હતો અને તેને તેમની અદ્ભુત યોજના માટે પસંદ ક્યોં હતો. ઈશ્વરની પસંદગી માણસની શૈક્ષણિક લાયકાત કે તેની નાણાકિંય કે કૌટુંબિક પૃષ્ઠભૂમી પર આધારિત ન હતી. એલિયાની એકમાત્ર લાયકાત હતી કે તે હમેશાં ઈશ્વરની વાણી સાંભળવા તૈયાર રહેતો હતો અને જે યહોવા પ્રભુ કહેતા, તે કરતો હતો. અને ઈશ્વરે તેને આહાબ તથા અહાઝયા રાજાના સમય દરમિયાન પ્રબોધક બનાવ્યો હતો. એલિયાના દિવસોમાં, ઓમ્રીનો દીકરો આહાબ ઈસ્રાએલનો રાજા બન્યો હતો અને તેણે તેની પહેલાના સર્વ રાજાઓ કરતાં યહોવા પ્રભુની દ્રષ્ટિમાં જે ભૂંડું હતુ તે ર્ક્યુ હતું. નબાટના દીકરા યરોબઆમનાં પાપને માર્ગે ચાલવું એ તેને માટે નજીવી બાબત જ લાગતી ન હતી,

(અનુસંધાન પાન ૩ પર)

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

## *from your dearly beloved brother...*



“યહોવા કૃપાળુ તથા રહેમી છે; તે કોપ કરવે ધીમો તથા અતિ કરુણામય છે.”
– ગીતશાસ્ત્ર ૧૪૫:૮



### આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.

વહાલા પ્રિય ભાઈઓ તથા બહેનો,

આપણા પ્રભુ તથા તારનાર ઈસુ ખ્રિસ્તના અનૂપમ નામમાં પ્રેમી સલામ.

અમારી મિનિસ્ટ્રીજ માટે તથા અમારા સેવકોને માટેની તમારા પ્રેમ અને કાળજી માટે અમે તમારા આભારી છીએ. અમે તમારી પ્રેમાળ ભલાઈથી પ્રોત્સાહિત થયા છે. ઈશ્વર તમને આશીર્વાદ આપો.

અમાર નહેમ્યા બાઈબલ કોલેજનાં અધ્યક્ષ પાળક એમ. મુથ્થુની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. અમે અમારા સર્વ મિત્રોનો આભાર માનીએ છીએ, જેઓ તેમને માટે પ્રાર્થના કરી રહ્યા છે. કૃપા કરીને તેમ કરવાનું ચાલુ રાખો.

જેમ તમે જાણો છો, અમે **ઈકો ઓફ હીજ કોલ** સામયિકો, **નહેમ્યા બાઈબલ કોલેજ** હિન્દી/ઓડીયા ભાષામાં અને તામિલ ભાષામાં, **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ,** ચર્ચો વગેરે પ્રવૃતિઓને વધારવામાં ઘણા વ્યસ્ત છીએ. ઈશ્વર અમારી ચેન્નાઈમાંની અને શહેર બહારની સર્વ પ્રવૃત્તિઓમાં અને મૂસફરીઓમાં આશીર્વાદ આપી રહ્યા છે. આવનાર અંકમાં અમે અમારો સંદેશો ખાડામાંથી મહેલમાં આપવાનું ચાલુ રાખીશું, કેમ કે આ મહિનામાં અમે ઘણા વ્યસ્ત છીએ.

વધુમાં, અમારા વહાલા ભાઈ અને **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિકના વડીલ સહસંપાદક **ભાઈ મેન્યુએલ એમ. પોલરાજ** ૨૫મી મે, ૨૦૨૨ના રોજ ઈશ્વરના મહિમામાં પ્રવેશ્યા છે. કૃપા કરીને તેમના કુટુંબના સભ્યોને તમારી પ્રાર્થનાઓમાં ધરી રાખશો. જ્યારે તે માંદા હતા, ત્યારે તેમના માટેની તમારી પ્રાર્થનાઓ માટે અમે આભારી છીએ.

ઈશ્વરકૃપાથી **નહેમ્યા બાઈબલ કોલેજનો ૨૩મો પદવીદાન સમારોહ** ૩જી જુન ૨૦૨૨ના રોજ થયો હતો. ૨૩ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થયા હતા અને તેમને મિશન કાર્યના ઉત્સાહ સાથે ભારતના વણખેડાયેલા વિવિધ વિસ્તારોમાં મોકલવામાં આવ્યા છે.

ઈશ્વરકૃપાથી, આપણી **નહેમ્યા બાઈબલ કોલેજ** (સાંધ્ય અભ્યાસક્રમ) તામિલમાં અને નિવાસી અભ્યાસક્રમ હિન્દીમાં (ઓડીયામાં) ફરીથી ૬ઠી જૂન ૨૦૨૨થી રાબેતા મૂજબ શરૂ થઈ ગઈ છે, અને વર્ગો પૂર્ણ રીતે ભરાય છે. તેવી જ રીતે **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** પણ ૧૩મી જૂન, ૨૦૨૨થી ફરી ઉઘડી ગઈ છે. આ સંસ્થાઓની સફળતા માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

આ દિવસોમાં અમે અમારા સર્વ કાર્યકરોના કુટુંબોના સભ્યો માટે તમારી વધુ પ્રાર્થનાની વિનંતી કહીએ છીએ કેમ કે તેમાના કેટલાક કુટુંબના સભ્યોને શારીરીક રીતે ઈશ્વરના સ્પર્શની જરૂર છે.

કૃપા કરીને ઈશ્વરના રાજ્ય માટેની અમારી બહુવિધ સેવાઓની જરૂરીયાતોને યાદ રાખશો.

આવનાર દિવસોમાં ઈશ્વર તમને સમૃધ્ધિથી આશીર્વાદ આપો.

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858, E.mail : samselvaraj333@gmail.com

**CHIEF EDITOR**
Angeline Selvakumari Henry, M.A., M.Ed.

**MANAGING EDITOR**
Pastor Alex Samson Sam, B.Th., M.Div.

**ADMINISTRATION**
Bro. N. Prakasam, M.A., General Manager

**EDITORIAL BOARD**
Sis. Jesy Veena Sam
Bro. M. Paulraj, M.A., B.Ed.
Sis. Serena Bevin, M.A., M.Phil., B.Ed.

**EDITOR, PUBLISHER & PRINTER**
Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.
Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 95661 31858

**E.mail ID**
sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

**WEBSITES**
www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

**YOUTUBE CHANNEL**
Echo of His Call

(પાન ૧ પરથી આગળ...)

પણ તેણે સીદોનીઓના રાજા એથ્બઆલની દીકરી ઈઝેબેલ સાથે લગ્ન કર્યુ હતુ, અને બઆલની સેવા કરીને તેની ભક્તિ કરી હતી. તેણે સમરૂનમાં બાંધેલા બઆલના મંદિરમાં વેદી બંધાવી હતી. (૧ રાજાઓ ૧૬:૩૦-૩૨). એક ઈસ્રાએલી રાજા આકાશ તથા પૃથ્વીના ઈશ્વરની ભક્તિ કરવાને બદલે મૂર્તિના દેવની પૂજા કરતો હતો.

## ૧. એલિયાએ કહ્યુ કે વરસાદ નહિ વરસશે અને ત્યાં વરસાદ ન હતો :

એલિયા ઈશ્વરનું વચન આહાબ રાજા પાસે લઈને ગયો અને કહ્યુ કે "હવેના વરસોમાં ઓસ તથા વરસાદ કેવળ મારા કહેવા પ્રમાણે જ પડશે." જેમ તેણે કહ્યું હતું તેમ સાડાત્રણ વરસ સુધી વરસાદ વરસ્યો ન હતો. યહોવા પ્રભુએ જે કહ્યું હતું, તે જણાવવા માટે તે રાજાની આગળ ઊભો રહેવા ડરતો ન હતો.

એલિયા પવિત્ર અને ધાર્મિક હતો, જેનો ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ મોટો હતો. તે નીડર હતો અને પરિણામોથી ડરતો ન હતો.

## ૨. તે આજ્ઞાકારી પ્રબોધક હતો.

ઈશ્વરે એલિયાને કહ્યું, **"તું અહીંથી જા, ને પૂર્વ તરફ વળીને યર્દન સામેના કરીથ નાળા પાસે સંતાઈ રહે."** (૧ રાજાઓ ૧૭:૩). યહોવા પ્રભુએ કહ્યું હતુ તે પ્રમાણે તે ગયો. જેમ યહોવા પ્રભુએ વચન આપ્યું હતું કાગડાઓ તેને માટે રોટલી તથા માંસ દર સવારે તથા સાંજે લાવતા હતા. કેટલીક મુદત પછી એમ થયું કે, તે નાળું સુકાઈ ગયું કેમ કે દેશમાં વરસાદ વરસ્યો ન હતો. પછી ઈશ્વરે તેને કહ્યું કે, "તું ઊઠ, ને સિદોનના સારફતમાં જઈને એક વિધવાને ત્યાં રહે." એલિયાએ આ આજ્ઞા પણ પાળી. સારફતમાં તે એક વિધવાને મળ્યો અને તેણે પોતા માટે રોટલી તથા પાણી માંગ્યા. જો કે તેણીની પાસે થોડું જ બચ્યુ હતુ, તો પણ તેણે જે માગ્યું, તે તેણીએ આપ્યું. તેથી તેણીને જ્યાં સુધી વરસાદ ન વરસ્યો ત્યાં સુધી ઘણો આશીર્વાદ મળ્યો. પાછળથી, જ્યારે તેણીનો દીકરો મરી ગયો, ત્યારે એલિયાએ તેને ફરી જીવતો કર્યો હતો.

## ૩. તે એક નીડર પ્રબોધક હતો. (૧ રાજાઓ ૧૮:૧૮-૩૯):

પછી ઈશ્વરે આહાબ રાજાને મળવા માટે એલિયાને મોકલ્યો. એલિયાએ રાજાને સર્વ ઈસ્રાએલીઓને, બઆલના ૪૫૦ પ્રબોધકોને તથા અશેરાહના ૪૦૦ પ્રબોધકોને કાર્મેલ પર્વત પર એકઠા કરવા કહ્યું. એલિયાએ લોકોને કહ્યું, "તમે ક્યાં સુધી બે મતની વચ્ચે ઢચુંપચું રહેશો? જો યહોવા દેવ હોય, તો તેને અનુસરો; પણ જો બઆલ દેવ હોય તો તેને અનુસરો." પછી એલિયાએ લોકને કહ્યું, "અમને બે ગોધા આપો; તેઓ પોતાને સારુ એક ગોધો પસંદ કરે, એના કાપીને ટુકડા કરે, ને તેને લાકડાં પર મૂકે, ને તળે આગ ન મૂકે અને હું બીજો ગોધો તૈયાર કરીને તેને લાકડાં પર મૂકીશ ને તળે આગ નહિ મુકું. પછી તમે તમારા દેવને નામે વિનંતી કરજો, અને હું યહોવાને નામે વિનંતી કરીશ; અને જે દેવ અગ્નિ દ્વારા ઉત્તર આપે તેને જ દેવ માનવો." ત્યારે સર્વ લોકોએ ઉત્તર આપ્યો કે એ વાત તો ઠીક છે. હવે એલિયાએ બઆલના પ્રબોધકોને કહ્યું, "તમે તમારે સારું એક ગોધો પસંદ કરીને તેને પહેલો તૈયાર કરો; કેમ કે તમે ઘણા છો, અને તમારા દેવને નામે વિનંતી કરો, પણ તળે કંઈ પણ અગ્નિ મૂકતા નહિ." તેથી એક ગોધો તેમને આપવામાં આવ્યો તે લઈને તેઓએ તે તૈયાર કર્યો અને બઆલને નામે સવારથી બપોર સુધી વિનંતી કરી કે, "હે બઆલ, અમને ઉત્તર આપ." તેઓએ તરવારથી અને ભાલાથી પોતાના શરીરો પર ઘા કર્યા અને તેમાંથી લોહી વહેવા લાગ્યું. પણ કંઈ વાણી થઈ નહિ; તેમ જ ઉત્તર આપનાર કોઈ ન હતું. અને તેઓએ પોતાની હાર સ્વીકારી.

પછી એલિયાએ યહોવા પ્રભુને નામે પથ્થરની એક વેદી બાંધી. તેણે તેની આસપાસ ખાઈ ખોદાવી. તેણે તેના પર લાકડાં ગોઠવ્યા ને ગોધાને કાપીને ટૂકડા કરીને તેને લાકડાં પર મૂક્યો. તેણે કહ્યું કે, "ચાર માટલાં પાણી ભરો ને તે દહનાર્પણ પર તથા લાકડાં પર રેડો." પછી તેણે કહ્યું કે બીજી વાર એમ કરો, અને તેઓએ બીજી વાર એમ કર્યુ. તેણે કહ્યું, ત્રીજી વાર એમ કરો અને તેઓએ ત્રીજી વાર એમ કર્યુ. આથી પાણી વેદીની આસપાસ વહ્યું. અને તેણે ખાઈ પણ પાણીથી ભરી.

પછી સાંજની અર્પણ ચઢાવવાની વેળાએ એલિયા પ્રબોધક વેદીની પાસે આવ્યો અને બોલ્યો, **"હે ઈબ્રાહિમ, ઈસહાક તથા ઈસ્રાએલના દેવ યહોવા, તું જ ઈસ્રાએલમાં દેવ છે, ને હું તારો સેવક છું ને મેં તારા કહેવાથી આ સઘળું કર્યુ છે, એમ આજે જણાવા દે."** (૧ રાજાઓ ૧૮:૩૬).

ત્યારે યહોવાના અગ્નિએ પડીને દહનાપર્ણ, લાકડાં, પથ્થર તથા ધૂળ બાળીને ભસ્મ કર્યા, ને ખાઈમાં જે પાણી હતું તે શોષી લીધું. સર્વ લોકોએ તે જોયું ત્યારે તેઓ ઊંધા પડ્યા અને તેઓએ કહ્યું કે, યહોવા એ જ દેવ છે; યહોવા એ જ દેવ છે!" એલિયાએ બેમત વાળા ઈસ્રાએલીઓ આગળ સાબીત કર્યુ કે, "યહોવા જ દેવ છે" આકાશમાંથી અગ્નિ લાવીને. આપણા દિવસમાં, આવા ઈશ્વરના સેવકોને અને પ્રબોધકોને જોવા દુર્લભ છે. હવે જ્યારે ચમત્કારો થાય છે, ત્યારે શું આપણે કેટલાક ઈશ્વરના સેવકોને જોતા નથી, આવા કોઈ પરિવારોની મુલાકાત લઈને એવા દાવા કરતા કે તે તેમની પ્રાર્થનાને કારણે થયું હતું? શું એ એક ધંધો નથી કે કેમેરાના માણસો સાથે આવા ઈશ્વરના સેવકો તેમના પ્રસાર માધ્યમોની સામગ્રીઓ સાથે આવા ઘરોની મુલાકાત લે છે, અને એવા પરિવારોના સભ્યોને ઘેરી વળે છે? આવા ધંધાધારી પ્રબોધકોને સમર્થન આપતા લોકો પણ વધવા લાગ્યા છે. તે તો ઈશ્વર છે, જેઓ ચમત્કાર કરે છે. ઈસુએ કહ્યુ, "તમે મફત પામ્યા, મફત આપો." (માથ્થી ૧૦:૮).

## II એલિશા પ્રબોધક

જેમ યહોવા પ્રભુએ કહ્યું તેમ એલિયા પ્રબોધક એલિશાને મળ્યો, જ્યારે તે બળદની બાર જોડીઓ સાથે ખેતર ખેડી રહ્યો હતો, અને તેના પર પોતાનો ઝભ્ભો નાખ્યો. એલિશા તેની પાછળ દોડ્યો અને તેની સેવાચાકરી કરી. (૧ રાજાઓ ૧૯:૧૯). એલિયાને યહોવા પ્રભુએ જીવતો ઉપર લઈ લીધો પછી, એલિશા મોટા ચમત્કારો કરનારો પ્રબોધક બન્યો હતો, યોરામ, યેહૂ તથા આહાઝના રાજ્યકાળ દરમિયાન.

અલિશાને એલિયાના હાથ નીચે જે તાલિમ મળી હતી, તે ઘણી સખત હતી. જે કોઈ પોતાની જાતે સખત કામ કરવાની

ઈચ્છા રાખે છે અને શિક્ષણ લે છે, તે ઈશ્વરનો સારો સેવક બની શકે છે. સખત કામ કરવાનું, બરાબર શિક્ષણ લેવાનું કે યોગ્ય પ્રવૃતિ કરવાનો જે લોકો નકાર કરે છે, તેઓ મોટા કામો કરી શકતા નથી. જે લોકો વિચારે છે કે ફક્ત રવિવારની ભજનસેવામાં હાજરી આપવાનું મોટું કામ કરે છે, તેઓ ઈશ્વરના મોટા સેવકો બની શકતા નથી.

## ૧. એલિશા, જેણે તેને સેવા માટે તેડ્યો હતો, તેની સાથે એકરૂપ થયો હતો :

જ્યારે એલિયા અને એલિશા ગિલ્ગાલમાં સેવા કરી રહ્યા હતા. ત્યારે એલિયાએ એલિશાને કહ્યું કે 'તું અહીં થોભ; કેમ કે યહોવાએ મને બેથેલ સુધી મોકલ્યો છે.'' પણ એલિશા તેના ગુરુને છોડવા તૈયાર ન હતો. તેથી તેણે જવાબ આપ્યો, ''જીવતા યહોવાના સમ તથા તારા જીવના સમ, કે હું તને છોડીશ નહિ.'' આમ તે એલિયા જ્યાં પણ ગયો, ત્યાં તેની પાછળ ગયો.

ત્યાંથી તેઓ બેથેલ ગયા અને બેથેલથી તેઓ યરીખો ગયા. પછી યરીખોથી, તેઓ યર્દન નદીને તીરે ગયા. આ સર્વ જગ્યાઓમાં, એલિયાએ તેના સહાયકને એકલો મૂકવાનું ધાયુ પણ એલિશા તેના ગુરુને થોડીવાર માટે પણ છોડવા માગતો ન હતો. પણ તેના ગુરુ જ્યાં કંઈ ગયા, ત્યાં તેમની સાથે ગયો.

યર્દન નદી પાસે પણ એલિયા એલિશાથી દૂર જવા માગતો હતો. એમ કહીને કે તેણે યર્દન નદી ઓળંગવાની છે. એલિશાએ પણ આગ્રહ ર્ક્યો કે તે પણ તેની સાથે યર્દન નદી ઓળંગશે. એમ તેના ગુરુની સાથે રહેવામાં મક્કમ રહેતા એલિશાએ પણ એલિયા સાથે યર્દન નદી ઓળંગી. નદીની પેલી પાર જતા પહેલા એલિયા પ્રબોધકે તેનો ઝભ્ભો વીંટાળીને તેને પાણી પર અફાળ્યો, એથી નદીના બે ભાગ થઈ ગયા અને તેમને પેલી પાર જવા માર્ગ કરી આપ્યો. બન્નેએ નદી પાર કરી. પછી એલિયાએ એલિશાને કહ્યુ કે હવે ટુંક સમયમાં તેને તેની પાસેથી લઈ લેવામાં આવવાનો છે, તેથી તે પહેલા માગ કે હું તારે માટે શું કરું? તેથી એલિશાએ જવાબ આપ્યો કે, ''કૃપા કરીને તારા આત્માનો બમણો હિસ્સો મારા પર આવે, ''એલિયાએ તેને કહ્યું કે, ''તે જે માગણી કરી છે તે ભારે છે; તો પણ જો તારી પાસેથી લઈ લેવાતો મને તું જોશે, તો તને એ પ્રમાણે થશે; પણ જો તું નહિ જોશે, તો એમ નહિ બનશે.'' અને એલિશા એલિયાને કાળજીપૂર્વક જોઈ રહ્યો હતો, ત્યારે અગ્નિરથ તથા અગ્નિઘોડા દેખાયા અને એલિયા તે અગ્નિરથમાં આકાશમાં ચઢી ગયો. એલિશાએ તે જોઈને બૂમ પાડી અને વિલાપ ર્ક્યો કેમ કે તેના ગુરૂને ઉપર લઈ લેવામાં આવ્યો હતો. તેણે એલિયાનો ઝભ્ભો જે એલિયા પાસેથી મળ્યો હતો, તે લીધો અને પાછો જઈને યર્દન નદીને કિનારે ઉભો રહ્યો. (૨ રાજાઓ ૨:૧૨-૧૩).

## ૨. એલિશા ક્યારેય નિરાશ થયો ન હતો :

જો કે એલિશા જાણતો હતો કે તેના ગુરૂના શબ્દો અને કાર્યોથી ઘણીવાર તેની પરીક્ષા કરવામાં આવી હતી, તો પણ તે ક્યારેય નિરાશ થયો ન હતો.

**જેઓ સહન કરે છે તેમને ઈશ્વર સહાય કરવા સમર્થ છે. તેઓ ક્યારેય શરમાશે નહિ.** તમે કદાચ વિચારો કે કંઈક તમારા જીવનમાં ક્યારેય નહિ થાય. તમારી પ્રાર્થનાઓનો જવાબ મળતો નથી અને પૈસા નકામા વપરાય છે. જો કે તમે યહોવા પ્રભુની સેવા કરી છે, દરેક બાબત નિષ્ફળતા તરફ જતી લાગે છે. તમે કદાચ પ્રશ્ન પૂછો, ''શું ખરેખર ત્યાં ઈશ્વર છે?'' શું તમે હવે નિરાશ છો? નિરાશ ન થાઓ. નીડર બનો, ઈશ્વર ચોક્કસ તમારા જીવનમાં અનપેક્ષિત ચમત્કાર કરશે! તમારી જાતને એલિશા જેવી પરિવર્તિત કરો. જો એમ થાય તો સમય ચોક્કસ બદલાશે. આપણા યહોવા પ્રભુ ક્યારેય બદલાતા નથી.

જો કે એલિશાને યહોવા પ્રભુએ ઉપર લઈ લીધો હતો, અને એલિશા પોકારી ઊઠ્યો હતો, ''મારા બાપ રે, મારા બાપ રે'' તો પણ તેણે તેનો વિશ્વાસ ગુમાવ્યો ન હતો. તેણે આશા છોડી ન હતી. તેણે તેના માથા પરના અભિષેકને અને તેના તેડાને અવગણ્યો ન હતો. તેણે ફક્ત આકાશ તરફ જોયું અને પોકાર ર્ક્યો હતો.

વહાલા વાચકો, એલિશાએ એલિયાનો જે ઝભ્ભો હતો તે ઉપાડી લીધો અને પાણી પર અફાળ્યો હતો અને નદીના બે ભાગ થઈ ગયા. એલિશા નદી ઓળંગીને પેલી પાર

(પાન ૬ પર...)

नहेम्याह बाइबल कॉलेज
रेसिडेन्शल कॉलेज, चेन्नई।
माध्यमः हिन्दी
सदस्यता के लिए पंजीकृत उम्मीदवार - ATA
सुविख्यात अंतर्राष्ट्रीय मसीही अगुवे तथा पिछले 53 वर्षों से सेवारत वरिष्ठ पासवान
सर्टिफिकेट इन थियोलॉजी – 1 साल
डिप्लोमा ऑफ थियोलॉजी – 2 साल
योग्यता 10 वी या अधिक
जल्दी करें!
Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org
★ ऑनलाइन कक्षाएं उपलब्ध हैं ★

GREAT COMMISSION PARTNERS
ECHO OF HIS CALL MINISTRIES
SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વંહેચવું (ગલાતીઓને પત્ર 6:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (૨તિમોથીને પત્ર ૧:૬)

**સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ જુલાઈ ૨૦૨૨ થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૨ સુધી**

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)



## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ જુલાઈ** : સુવાર્તા સાથે વણખેડાયેલા વિસ્તારોમાં પ્રવેશવા ઈશ્વરે અમને કૃપાળુ રીતે સહાય કરી છે.

**૨૦ જુલાઈ** : આપણા સહાયકોની પ્રાર્થનાઓ અને સહાયતા માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૧ જુલાઈ** : **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ અને ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો** માટે ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૨ જુલાઈ** : આપણા પાળક એસ.સામ. સેલ્વરાજ અને તેમના કુટુંબ પરના ભરપૂર આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૩ જુલાઈ** : આપણા સર્વ સહસંપાદકો અને તેમના કુટુંબના સભ્યો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૪ જુલાઈ** : ઈશ્વરે વધુ વિશ્વાસીઓ સાથે અમારા મુખ્ય ચર્ચને અને શાખા ચર્ચોને આશીર્વાદિત કર્યા છે.

**૨૫ જુલાઈ** : આપણા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવન ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો અને તેમના કુટુંબના સભ્યોને માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૨૬ જુલાઈ** : આપણા કાર્યકરોના કુટુંબો પર વરસાવેલા આશીર્વાદો માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૭ જુલાઈ** : આપણા દેશને સુરક્ષિત રાખવા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૮ જુલાઈ** : અમારા નહેમ્યા બાઈબલ કોલેજના પદવીદાન સમારંભ જે ૩જી જૂન ૨૦૨૨ના રોજ થયો હતો. તેને માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૨૯ જુલાઈ** : અમારા ચર્ચના અભિષેક સાથે નવા વિશ્વાસીઓના આશીર્વાદ માટે આવો ઈશ્વરની સ્તુતિ કરીએ.

**૩૦ જુલાઈ** : અમારા નિવાસી અને સાંધ્ય નહેમ્યા બાઈબલ કોલેજના અભ્યાસક્રમો માટે નવા વિદ્યાર્થીઓ પૂરા પાડવામાં ઈશ્વરે કૃપાળુરીતે સહાય કરી છે.

**૩૧ જુલાઈ** : અમારા નિવાસી બાઈબલ કોલેજની તાકીદની જરૂરીયાતો માટે અમને વોટર કુલર, ફ્રિજ, પલંગો, ચાદરો, વાસણો વગેરે ખરીદવા માટે ઈશ્વરે સહાય કરી તે માટે તેમની સ્તુતિ થાઓ.

**૦૧ ઓગસ્ટ** : રાજ્ય કો-ઓર્ડીનેટરો અને તેમની સંગત માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૦૨ ઓગસ્ટ** : અમારા મિશન કાર્યકરોની મોટી સર્મપિતતા માટે ઈશ્વરની સ્તુતિ થાઓ.

**૦૩ ઓગસ્ટ** : આપણા ઈશ્વર પ્રભુ આપણા વડીલ પાળક એસ. સામ. સેલ્વરાજ તથા તેમના કુટુંબને સર્વ દુષ્ટ પરિબળોથી રક્ષણ આપી રહ્યા છે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ ઓગસ્ટ** : આપણા અંગ્રેજીના સહસંપાદક **ભાઈ મેન્યુએલ એમ. પોલરાજ** ૨૫મી મે ૨૦૨૨ના રોજ પ્રભુના મહિમામાં પ્રવેશ્યા છે. કૃપા કરીને દુઃખી કુટુંબ, મિત્રો અને સગાઓ માટે પ્રાર્થના કરશો.

**૦૫ ઓગસ્ટ** : વણખેડાયેલી જગ્યાઓમાં અમને સુવાર્તા ફેલાવવામાં સહાય કરવા માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૦૬ ઓગસ્ટ** : સર્વ ધર્મો વચ્ચે એકતા માટે પ્રાર્થનાઓમાં સમર્પિત થઈએ.

**૦૭ ઓગસ્ટ** : ઈશ્વર પ્રત્યે સર્વ દેશો વચ્ચે સત્યનિષ્ઠા માટે આગ્રહથી પ્રાર્થના કરીએ.

**૦૮ ઓગસ્ટ** : ઈશ્વરનું રાજ્ય પૃથ્વી પર બાંધવા અમને વધુ દર્શન આપવા ઈશ્વરને પ્રાર્થના કરીએ.

**૦૯ ઓગસ્ટ** : દરેક બાબતમાં અને યોજનાઓમાં આગળ વધવા અને દેશની એકતા માટે પ્રાર્થના કરીએ.

**૧૦ ઓગસ્ટ** : આજે અમે ૫૪માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. કૃપા કરીને પ્રાર્થના કરશો.

**૧૧ ઓગસ્ટ** : રશિયા અને યૂક્રેનની વચ્ચેના યુદ્ધ માટે કૃપા કરીને પ્રાર્થના કરશો અને દુનિયામાં શાંતિની જરૂર છે.

**૧૨ ઓગસ્ટ** : દુનિયામાં સર્વત્ર શાંતિ માટે પ્રાર્થના કરશો.

**૧૩ ઓગસ્ટ** : આપણા વડીલ પાળક તેમની આત્મકથા લખવામાં સફળ થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરશો.

**૧૪ ઓગસ્ટ** : મહિલાઓ અને બાળકો વિરુદ્ધ થતા અત્યાચારો, નાબૂદ થાય તે માટે પ્રાર્થના કરીએ.

**૧૫ ઓગસ્ટ** : આપણા કો-ઓર્ડીનેટરોને અને પાળકોને ઈશ્વર નવું સામર્થ્ય આપો.

**૧૬ ઓગસ્ટ** : આવો ખ્રિસ્તી સંસ્થાઓ માટે પ્રાર્થના કરીએ.

**૧૭ ઓગસ્ટ** : આપણા મિશન ફિલ્ડના કાર્યકરો માટે આવો પ્રાર્થના કરીએ.

**૧૮ ઓગસ્ટ** : આપણા વડીલ પાળક એસ. સામ. સેલ્વરાજની યોજનાઓ પર આશીર્વાદ માટે પ્રાર્થના કરીએ.

(પાન ૪ પરથી આગળ...)

ગયો. તમારી લાયકાતો અને ઓછી મિલકત વિશે વિચાર કરશો નહિ. પવિત્રશાસ્ત્ર કહે છે કે એલિશાએ વધુ ચમત્કારો કર્યા હતા.

### ૩. ઈશ્વર દરેક નાની પ્રાર્થનાનો જવાબ આપે છે :

જ્યારે આપણે આપણી જરૂરીયાતો માટે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ, ત્યારે જેમ આપણે ઈચ્છીએ છીએ તેમ ઈશ્વરે જવાબ આપવો જોઈએ એ જરૂરી નથી. ઉદાહરણ તરીકે, તમે કદાચ બેન્કમાંથી તમારે માટે લોનની મંજૂરી માટે પ્રાર્થના કરતા હો, ઈશ્વર તમને લોન અપાવવા કદાચ સહાય ન કરે. પણ તેઓ અજાયબરીતે બીજા કોઈ માર્ગે તમારી નાણકિય જરૂરીયાતો પૂરી પાડશે.

મારા એક સારા મિત્ર છે, ડો. રવિન્દર બોઝ, જેઓ ચેન્નાઈમાં સર્જન છે. તેઓ ધાર્મિક વ્યક્તિ છે જેમને પૈસાનો એટલો મોહ નતી. તેઓ ઈશ્વરના સેવક પણ છે. એક વાર ડોક્ટરે મારા મિત્રનું પાઈલ્સનું નિદાન ર્ક્યુ અને કીધું કે તેનું ઓપરેશન કરવું પડશે. તે મિત્ર મારી પાસે પ્રાર્થના કરાવવા આવ્યો. મેં તેને માટે પ્રાર્થના કરી, જે ઘણો ગરીબ હતો અને પછી તેને ડો. રવિન્દર બોઝ પાસે લઈ ગયો.

દર્દીને તપાસતા પહેલા, ડોક્ટરે નાની પ્રાર્થના કરી. પછી તેમણે દર્દીને કહ્યું કે સર્જરીની જરૂરી નથી, ઘણું પાણી પીઓ, ઘણા લીલા શાક અને કેળા ખાઓ. એક અઠવાડિયા પછી આવજો. મને ખાતરી છે કે તમે સાજા થઈ જશો. જ્યારે અમે પાછા આવી રહ્યા હતા, દર્દીનો ચહેરો ચિંતિત લાગતો હતો. જ્યારે મેં તેને પૂછ્યું, "તમે કેમ ચિંતા કરો છો?" તેણે જવાબ આપ્યો, "મને ચિંતા થઈ છે કારણ કે મારું ઓપરેશન ર્ક્યુ નથી.' તેની અપેક્ષા હતી કે થોડા ખર્ચામાં તેની સર્જરી થશે. તો પણ તેણે ડોક્ટરની સલાહ પ્રમાણે ર્ક્યુ.

પણ શું થયું કે તે સર્જરી કર્યા વગર સંપૂર્ણ સાજો થઈ ગયો! તેની સમસ્યા એ હતી કે તેણે સર્જરી માટે તૈયારી કરી હતી પણ હવે સર્જરી થઈ જ ન હતી! કેટલીક વખત આપણે પ્રાર્થના કરીએ છીએ અને જેમ આપણું મન વિચારે એ રીતે પ્રાર્થનાના જવાબની અપેક્ષા રાખીએ છીએ – પણ ઈશ્વર તેમના ડહાપણમાં અને સામર્થ્યમાં કાર્યો કરે છે. પણ આપણે તે ચમત્કાર સ્વીકારવા તૈયાર રહેવું જોઈએ!

એલિશાએ પણ વિચાર્યુ હશે કે એલિયાના સામર્થ્યના બમણા આશીર્વાદને બદલે તેને ફક્ત તેનો ઝભ્ભો જ મળ્યો હતો. પણ એલિશા આત્મિક વ્યક્તિ હોવાથી, તેણે તે ઝભ્ભો અંતઃકરણના ઉમળકાથી લઈ લીધો હતો! વહાલા ઈશ્વરના બાળક, તમારી પ્રાર્થના માટેના ઈશ્વરના જવાબ પ્રત્યે તમારું વલણ કેવું છે?

## III ગેહઝી

ત્યાં અરામના સૈન્યનો એક મોટો સેનાપતિ હતો જેને શરીરમાં કોઢ હતો. તેનું નામ નામાન હતું. (૨ રાજાઓ ૫:૧). ઈસ્રાએલની એક જુવાન છોકરી તેના ઘરમાં કામ કરતી હતી, અને તેણીએ તેણીની શેઠાણીને સૂચવ્યું કે જો નામાનને એલિશા પાસે લઈ જવામાં આવે તો તે સાજો થઈ શકશે. તેથી નામાન એલિશા પાસે આવ્યો. જ્યારે તે એલિશાના ઘરના બારણા આગળ આવીને ઊભો રહ્યો ત્યારે તેને એલિશા દ્વારા કહેવામાં આવ્યું કે તે જઈને યર્દન નદીમાં સાત વાર સ્નાન કરે. આથી નામાન ગુસ્સે થયો અને કહ્યું, "હું તો ધારતો હતો કે નક્કી તે મારી પાસે બહાર આવશે ને ઊભો રહીને પોતાના દેવ યહોવાને નામે વિનંતી કરશે ને તે જગા પર પોતાનો હાથ ફેરવીને મને સાજો કરશે. શું આપણી પાસે મારા દેશમાં યર્દન નદી કરતા વધુ સારી નદીઓ નથી?" પણ તેના ચાકરોએ તેને સમજાવ્યો અને કહ્યું, "મારા પિતા, જો પ્રબોધકે કંઈ મોટું કાર્ય કરવાની તને આજ્ઞા આપી હોત, તો શું તું તે ન કરત? તો જ્યારે તે તને કહે છે કે, સ્નાન કરીને શુદ્ધ થા, તો કેટલું વિશેષે કરીને તે કરવું જોઈએ?"

આ સાંભળીને નામાન ગયો અને નદીમાં સાત વાર ડુબકી મારી. ઈશ્વરભક્તના વચન અનુસાર, તેનું માંસ બદલાઈને નાના છોકરાના માંસ જેવું થઈ ગયું અને તે શુદ્ધ થયો. અને તે ઈશ્વરભક્ત પાસે પાછો આવ્યો, પોતાના સઘળા રસાલા સહિત અને આવીને તેની આગળ ઊભો રહ્યો; અને કહ્યુ કે "હવે જો મને ખાતરી થઈ છે કે, કેવળ ઈસ્રાએલમાં દેવ છે, તે સિવાય આખી પૃથ્વી પર બીજે ક્યાંય

નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ
ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ

માધ્યમ : તામિલ

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૩ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

ઇશ્વર વિદ્યામાં સર્ટીફિકેટ : એક વર્ષ
ઇશ્વર વિદ્યામાં ડિપ્લોમા : બે વર્ષ

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ

પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

Contact : The Chairman, Nehemiah Bible College.
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

નથી; તો હવે કૃપા કરીને તારા સેવક પાસેથી બક્ષિસ લે.'' પણ એલિશાએ કહ્યું, ''યહોવા જેની સામે હું ઊભો છું, તેના જીવના સમ કે, હું કંઈ પણ લઈશ નહિ.'' તેણે તે લેવાનો આગ્રહ કર્યો પણે એણે માન્યું નહિ.

એલિશાનો ચાકર, ગેહઝી આ જોઈ રહ્યો હતો અને તેણે પોતાની જાતને કહ્યું, ''મારા શેઠે આ નામાન પાસેથી કંઈ લીધું નથી. હું તેની પાછળ દોડીને જઈશ અને તેની પાસેથી કંઈક લઈશ.'' તેથી ગેહઝી નામાનની પાછળ ગયો. જ્યારે નામાને તેને જોયો કે તે તેની પાછળ દોડતો આવ્યો હતો, ત્યારે તેણે પૂછ્યું કે, ''સર્વ ક્ષેમકુશળ છે?'' ગેહઝીએ જવાબ આપ્યો, ''સર્વ ક્ષેમકુશળ છે. મારા શેઠે મને મોકલીને કહાવ્યું છે કે જો, હમણાં જ એફ્રાઈમના પહાડી મુલકમાંથી પ્રબોધકોના પુત્રોમાંના બે જુવાન મારી પાસે આવ્યા છે. કૃપા કરીને તેમને માટે એક તાલંત રૂપું અને બે જોડ વસ્ત્ર આપ.'' તેથી નામાને કહ્યું, ''ખુશીથી બે તાલંત લે.'' અને તેણે તેને આગ્રહ કરીને બે તાલંત રૂપું અને બે જોડ વસ્ત્ર બે થેલીમાં બાંધીને પોતાના બે ચાકરોને માથે ચઢાવી; અને તેઓ તે ઊંચકીને તેની આગળ ચાલ્યા. ગેહઝીએ તે તેમની પાસેથી લીધી અને ઘરમાં મૂકી અને તેણે તે માણસોને રજા આપીને વિદાય કર્યા.

હવે તે અંદર ગયો અને તેના શેઠની આગળ ઊભો રહ્યો. એલિશાએ તેને પૂછ્યું કે, ગેહઝી તું ક્યાં ગયો હતો? ''અને તેણે કહ્યું, ''તારો સેવક ક્યાંય ગયા નહોતો.'' એલિશા તેના દૈવી ડહાપણમાં જાણતો હતો કે તેના ચાકરે શું કર્યુ હતું. તેને ઘણું દુઃખ થયું. પછી તેણે ગેહઝીને કહ્યું, **''પેલો માણસ પોતાના રથમાંથી ઊતરીને તને મળવા પાછો આવ્યો, ત્યારે મારું હૃદય શું તારી સાથે આવ્યું ન હતું? શું રૂપું લેવાનો અને વસ્ત્ર, જૈતવાડીઓ, દ્રાક્ષાવાડીઓ, ઘેટાં, બળદ, દાસો તથા દાસીઓ લેવાનો આ વખત છે? માટે નામાનનો કોઢ તને તથા તારાં સંતાનને સદા વળગી રહેશ.'' આથી તે હિમ જેવો કોઢિયો થઈને તેની આગળથી ચાલ્યો ગયો.** (૨ રાજાઓ ૫:૨૦-૨૭). ગેહઝી, ઈશ્વરના સેવકે તેનું પોતાનું નામ ઈશ્વરના સેવકોની યાદીમાંથી કાઢી નખાવ્યું હતું. તેના વંશજો પણ શાપિત થયા હતા.

તમારો આદર્શ શું છે? જો તમે મને પૂછો તો, હું કહીશ હું એલિશા જેવો બનવા માંગું છું. હું મોટી ઈચ્છા રાખીશ કે એલિશાનો અભિષેક મારા માથા પર આવે, જેથી હું પણ બમણો આશીર્વાદ પામી શકું અને આ જગતમાં વિજયવંત જીવન જીવી શકું.

કૃપા કરીને થોડી વાર માટે મનન કરો. શું તમને એલિશાની જેમ તેડવામાં આવ્યા છે? જો કે તમને એલિશાની જેમ તેડવામાં આવ્યા છે, તો પણ શું તમે તમારા દેહમાં તથા આત્મામાં સંઘર્ષ કરી રહ્યા છો? શું તમે ગેહઝી જેવું જીવન જીવી રહ્યા છો, કોઈ સારા કામ કે સેવા કરવા માટે નાણા જમા કરી રહ્યા છો?

આજના કેટલાક ઈશ્વરના સેવકોની થેલીઓમાં, ત્યાં કોઈ બાઈબલ કે સુવાર્તાની ટ્રાકો નહિ હોય. તેને બદલે ચોક્કસ ત્યાં કોઈ તેમની અંદાજિત યોજનાઓના કાગળો હશે કે તેના સંબંધિત બીજા કોઈ કાગળો હશે. કેટલાક આવી વિગતોને યાદ રાખવા જેટલા હોશિયાર, ચાલાક હોય છે! આજે ઈશ્વરના ઘણા સેવકો જ્યાં પણ તેઓ કંઈ જુએ ત્યાં નાણા કમાવવા માટેની તેમની યોજનાઓથી સારી રીતે તૈયાર હોય છે. તેમની પાસે કેટલાક ''પવિત્ર કારણો'' હોય છે તે નાણા મેળવવા માટે જ્યારે ઈશ્વરના કાર્યકરો નાણાની જરૂરમાં હોય છે, ત્યારે કેટલાક જાહેર કરે છે, ''મને તમારા નાણા આપો, હું તમારા માટે આસુંઓ સહિત પ્રાર્થના

(પાન ૯ પર...)


## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં- ૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, ''નવુ જીવન-તમારા માટે'' એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુર્વાતિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in



## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

"જે વાંચે, તે સમજે" (માથ્થી ૨૪:૧૫)

### પેન્સીલ શેતરંજીની જૂની વાર્તા

"બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ, એટલે તે વૃધ થશે ત્યારે તેમાંથી તે ખસશે નહિ"...

(નીતિવચનો ૨૨:૬)

ગ્રામ્ય સરકારી શાળામાં મારો પાંચમાં ધોરણ સુધીનો અભ્યાસ પૂર્ણ થયા પછી, મને હાઈસ્કૂલના આગળના ધોરણમાં દાખલ કરવામાં આવ્યો હતો, જ્યાં મને પહેલી વખત અંગ્રેજી મુળાક્ષરો શીખવવામાં આવ્યા હતા. શાળાના પ્રથમ દિવસે, વર્ગશિક્ષકે સર્વ વિદ્યાર્થીઓને આગલા દિવસે **પેન્સીલ અને નોટબૂક** લાવવા કહ્યુ હતુ. જ્યારે હું ઘરે આવ્યો, મેં મારી માતાને આ જરૂરીયાત વિશે વાત કરી, કેમ કે મારા પિતા બહારગામ ગયા હતા. તેણી એક નોટબુક મેળવી શકી પણ મારા માટે પેન્સીલ મેળવી ન શકી. કેમ કે અમારા પડોશી સંબંધીઓ પાસેથી આ જરૂરીયાત તેણી મેળવવા માગતી ન હતી, તેથી તેણીએ તેણીની અસમર્થતા મને સમજાવી અને મને મારા વપરાશ માટે પેન્સીલ મેળવવા પ્રભુ ઈસુ ખ્રિસ્તને પ્રાર્થના કરવા કહ્યું.

તેણીના શબ્દોની આજ્ઞા માનતા, રાત્રે હું ઘુંટણિયે પડ્યો અને ઈશ્વરને પેન્સીલ આપવા પ્રાર્થના કરીને સુઈ ગયો. બીજા દિવસે સવાર સુધી ઈશ્વરે કોઈ પેન્સીલ આપી નહિ. તેથી મારે પેન્સીલ વગર સ્કૂલે જવુ પડ્યું. જ્યારે સર્વ વિદ્યાર્થીઓ તેમના વપરાશ માટે પેન્સીલ લઈ આવ્યા હતા, ફક્ત હું જ ત્યાં એકલો હતો જેણે શિક્ષકના આદેશોને પૂરા કરી શક્યો ન હતો. તેથી શિક્ષક મારી સાથે ખૂશ ન હતા. તેણીએ મને કહ્યું કે મારે બીજા દિવસે પેન્સીલ વગર સ્કૂલ આવવું નહિ.

હું ઘરે આવ્યો અને મારી માતાને શિક્ષકની નાખૂશીની વાત જણાવી. તેણીએ ફક્ત મારી તરફ સ્મિત કર્યુ અને મને બીજે દિવસે પર પ્રભુ ઈસુને પ્રાર્થના કરવા કહ્યું અને ખાતરી આપી કે પેન્સીલ આવી રહી છે. મેં તેમ કર્યુ અને જોયું કે કંઈ પણ થયું નહિ. તેથી મારે ફરી ખાલી હાથે સ્કૂલે જવું પડ્યું. જ્યારે શિક્ષકે મને પૂછ્યું, ત્યારે મેં જવાબ આપ્યો કે જેમ મને મારી માતાએ સૂચના આપી હતી તેમ મેં પ્રભુ ઈસુને પ્રાર્થના કરી હતી અને પેન્સીલ આવી રહી છે. શિક્ષક ચિડાઈ ગઈ અને મારા પર અને મારી માતાના વર્તન પર ગુસ્સે થઈ. તેણીએ મને કહ્યું કે મારે બીજે દિવસે પેન્સીલ વગર સ્કૂલે આવવું નહિ.

ઘણા દુઃખ સાથે, આ સમાચારો મેં મારા માતા સુધી પહોંચાડ્યા. તેણીએ મને મારી **પેન્સીલની પ્રાર્થના** માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો આભાર માનવા કહ્યું. મધ્યરાત્રી સુધી મેં પ્રભુનો આભાર માનવાનું ચાલુ રાખ્યું. પણ કઠોર સમય અને જો હું બીજા દિવસે પેન્સીલ વગર સ્કૂલે જઈશ તો મને શું શિક્ષા થશે. તે વિચાર કરીને ઊંઘી શક્યો નહિ.

મારા આશ્ચર્ય વચ્ચે, અચાનક અમે સાંભળ્યુ કે કોઈક મધ્યરાત્રીએ દરવાજો ખખડાવી રહ્યું છે. મારી માતાએ કહ્યું કે કેટલાક ચોરો એ જાણીને કે ઘરમાં કોઈ પૂરુષ નથી, તેથી દરવાજો ખખડાવી રહ્યા હશે અને મને ચૂપ રહેવા અને પથારીમાં સુઈ રહેવા કહ્યું.

પછી અમે બારીમાંથી મારી માતાનું નામ લઈને કોઈને બોલાવતા સાંભળ્યા. તે તો બીજુ કોઈ નહિ પણ મારા કાકા હતા, શ્રી સેલ્વામણી, જેઓ મારા ઘરથી ૭૦ કિલોમીટર દૂર પાલાયામકોટ્ટાઈ નામના શહેરમાંના પોલીસ અધિકારી હતા. અમે ખૂશીથી બારણુ ઉઘાડ્યું. તેઓ જેમ હમેશા કરતા હતા, તેમ મારા માટે બિસ્કીટો, મીઠાઈઓ, કપડાઓ વગેરે લાવ્યા હતા. જ્યારે મેં એક ખાસ ભેટ થેલી ખોલી, મેં તેની અંદર એક બોક્સ જોયું. જ્યારે મેં આતુરતાથી તે ખોલ્યું, તો તેમાં મને ઘણી કિંમતી પેન્સીલોનું બોક્સ જોવા મળ્યું. (નટરાજ પેન્સીલો, જે તે દિવસોમાં ઘણી મોંઘી પેન્સીલો હતી). તે બોક્સમાં ૨૪ પેન્સીલો હતી.

તે રાત્રે હું કૂદતા મારતો રહ્યો, એમ કહીને કે પ્રભુ ઈસુ ખ્રિસ્તે ફક્ત મારી પ્રાર્થના જ સાંભળી નથી પણ મારી પ્રાર્થનાઓનો જવાબ પણ આપ્યો હતો. અતિ ઘણા આનંદને કારણે તે આખી રાત હું ઊંઘી શક્યો નહિ.

બીજા દિવસે સવારે હું ખૂશીથી ૨૪ પેન્સીલોના બોક્સ સાથે સ્કૂલમાં ગયો, જ્યારે બીજા વિદ્યાર્થીઓ ફક્ત એક એક પેન્સીલ સાથે જ આવ્યા હતા. શિક્ષક સખત ચહેરા સાથે મારી પાસે આવી અને પૂછ્યુ કે શું થયું હતું. મેં જવાબ આપ્યો કે જે પેન્સીલ ગઈ કાલે માર્ગમાં આવી રહી હતી, તે આજે મારા હાથોમાં અદ્દભૂત રીતે આવી પહોંચી છે. તેણીએ ખૂશ થઈને મારી પીઠ થાબડી અને વિદ્યાર્થીઓને જાહેર કર્યુ કે ત્યાં એક જીવતા ઈશ્વર છે, જેમનું નામ ઈસુ ખ્રિસ્ત છે.

વહાલા વાચકો, આ ત્યારે બન્યુ હતું જ્યારે હું સાત વર્ષની ઉમરનો હતો. પણ તે અનુભવ હજી પણ મારા મનમાં તાજો છે. જે ઈશ્વરે પેન્સીલો પૂરી પાડી હતી, તેઓ આજે પણ જીવીત છે. **"તેઓ ગઈ કાલે, આજે તથા સદાકાળ એવા ને એવા જ છે."** (હિબ્રૂઓને પત્ર ૧૩:૮). તેથી મેં આજે પણ એક નાની શેતરંજી મારા ઓરડામાં

**રાખી છે, જેને હું પેન્સીલ શેતરંજી કહું છું. દર વહેલી સવારે હું પેન્સીલ શેતરંજી પર બેસુ છું અને મારા વ્યસ્ત કાર્યક્રમમાં પણ દિવસમાં ત્રણ વાર પ્રાર્થના કરવાનો પ્રયત્ન કરું છું અને તેજ પ્રભુ ઈસુ ખ્રિસ્તને મારી જરૂરીયાતો જણાવું છું. અત્યાર સુધી મેં તેમની પાસેથી નાની સોઈથી માંડીને મીની બસો, મોટા મકાનો વગેરે મેળવ્યા છે. આ પેન્સીલ શેતરંજી મારફત. તેથી હું એ તારણ પર આવ્યો છું કે જે હાથો પવિત્ર બાઈબલ ઊંચકી રાખે છે, અને જે પગો પ્રાર્થના કરવા ઘુંટણિયે પડે છે, તે ક્યારેય નિષ્ફળ જશે નહિ.**

તેથી મારી પાછલા ૫૩ વર્ષોની મિનિસ્ટ્રીની સેવામાં, મેં નાણા ઊભા કરવાની યોજનાના કાર્યક્રમો ભરાવ્યા નથી કે વ્યક્તિગત ઘરે ઘરે જઈને નાણાં ઉઘરાવ્યા નથી કે અમારી મિનિસ્ટ્રીજની બહુરૂપી પ્રવૃતિઓની જરૂરીયાતો મેળવવા કોઈ સામગ્રી રાખી નથી. જે ઈશ્વરે મને મારી પેન્સીલ શેતરંજી મારફત મારી સર્વ જરૂરીયાતો પૂરી પાડતા જવાબ આપ્યો છે, તેમની પાસેથી મને નાણા પ્રાપ્ત થાય છે.

**''જે મને સામર્થ્ય આપે છે તે ખ્રિસ્તની સહાયથી હું બધું કરી શકું છું''** ફિલિપ્પીઓને પત્ર ૪:૧૩.

***********

(પાન ૭ પરથી આગળ...)

કરીશ. પછી નક્કી તમે નસીબવાન બનશો.'' કેટલાક કહેશે, ''ઈશ્વરને ૭૫૦ લોકોની જરૂર છે. જેઓ દરેક જણ અમારી મિનિસ્ટ્રી માટે ૧૦૦૦/- રૂા. આપે.'' કેટલાક કહેશે, ''ઈશ્વરે મને દર્શન આપ્યું છે કે જે લોકોએ તેમની નિવૃતિ વખતે તેમને જે રકમો મળી છે, તે અમને આપી દેવી જોઈએ; અમે પૂર્ણ રકમ પાચ વર્ષ પછી પાછી આપીશું.''

ઈસુએ શિષ્યોને લોકોને છેતરવાનું શિક્ષણ આપ્યુ ન હતું. તેમણે તેઓને કહ્યું, ''... તું સમુદ્રકિનારે જઈને ગલ નાખ; અને જે માછલી પહેલી આવે તેને પકડી લે, ને જ્યારે તું તેનું મોં ઉઘાડશે ત્યારે તેમાંથી તને નાણું મળશે, તે લઈને મારે ને તારે સારું તેઓને આપ.'' (માથ્થી ૧૭:૨૭). કેટલાક ઈશ્વરના બાળકો ખોટી રીતે પૈસા મેળવતા હતા અને તેનો આનંદ માણતા હતા. કેટલાક તેમની આવી રકમનો કેટલોક ભાગ પ્રભુના કાર્ય માટે આપવા તૈયાર હોય છે. પણ ઈશ્વર આવી ખોટી રીતે મેળવેલા પૈસા ઈચ્છતા નથી. વહાલા ઈશ્વરના સેવકો, તમારી સર્વ પ્રવૃતિઓમાં સાવચેત રહો!

જ્યારે આપણે આપણી સેવાઓ પ્રામાણિકતાથી કરીએ છીએ ત્યારે આપણે ખર્ચાને પહોંચી વળવા વિશે વિચાર કરવાની જરૂર નથી. આપણે નવીન યોજનાઓ કાઢવાની અને તે પ્રમાણે કરવાની જરૂર નથી. જે ઈશ્વરે આપણને તેડ્યા છે, તેઓ વિશ્વાસુ છે. તેઓ તેમના બાળકોને ઓછું પડવા દેશે નહિ. તેઓ તેમની કોઈ પણ સેવાઓની અવગણના કરશે નહિ. પણ તેઓ ચોક્કસ આપણી પ્રવૃતિઓ પાછળતા હેતુ પર લક્ષ આપશે.

વહાલા ઈશ્વરના બાળકો, શું તમે તમારા માનસિક વલણ પ્રમાણે જીવન જીવો છો? ભલે તે મોટું કે નાનું હોય, શું તમે એલિયા જેવું પવિત્ર જીવન જીવવા માગો છો જેમ ઈશ્વર ઈચ્છે છે અને સ્વર્ગમાં પહોંચવા માગો છો?

**અથવા**

શું તમે એલિશાની જેમ ખંતપૂર્વક પ્રાર્થના કરો છો અને તમારા વિશ્વાસમાં અડગ રહો છો, જેથી તમે તમારા તેડામાં મજબૂત રહો અને બમણો આશીર્વાદ પ્રાપ્ત કરો? શું તમે એલિશાને અનુસરશો અને તમારા શત્રુઓ કરતા વધુ ડાહ્યા અને વધુ સમજદાર થશો, તમારા શિક્ષકો કરતા અને વૃધ્ધો કરતા વધુ હોશિંયાર થશો? (ગીતશાસ્ત્ર ૧૧૯:૯૮-૧૦૦).

**અથવા**

ગેહઝી જેવા બનવા માંગો છો, સેવાના નામ નીચે કંઈક કરવા અને પૈસા કમાવા અહિં તહિં દોડતા રહેવા માંગો છો, જે તમને તમારી મિનિસ્ટ્રી ગુમાવવા તરફ દોરી લઈ જાય અને તમારા પર અને તમારા વંશજો પર શાપ લાવે?

તમારો નિર્ણય તમારી ઈચ્છા પર નિર્ભર રહે છે. તમારો જવાબ શું છે?

************

## ઈકો ઓફ હીજ કોલ એક વિશિષ્ટ વ્યક્તિને અને પ્રકાશનમાં તેમના અસાધારણ યોગદાનને સલામ કરે છે.



**અમે દુઃખ સાથે જાહેર કરીએ છીએ**

## ભાઈ મેન્યુએલ એમ. પોલરાજ

**ઈકો ઓફ હીજ કોલ**, અંગ્રેજી માસિક સામયિકના વડીલ સહસંપાદક, જેઓ અમારી સાથે રહીને પાછલા ૪૩ વર્ષોમાં સેવા આપી રહ્યા હતા, તેઓ ૭૨ વર્ષની વયે **તા. ૨૫મી મે, ૨૦૨૨ના બુધવાર સવારે ૬.૦૦ કલાકે** પ્રભુના મહિમામાં પ્રવેશ્યા છે. તેમની પાછળ તેમની પત્નિ, પુત્ર, પુત્રી અને પૌત્રો રહ્યા છે. કૃપા કરીને તેમને માટે પ્રાર્થના કરશો.

**- પાળક એસ. સામ. સેલ્વરાજ**

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

**A good opportunity to get**
**Echo of His Call**
**monthly magazine at free of cost**

If you could send the addresses of your friends / relatives through post, letter, e.mail, WhatsApp or phone to us, we will dispatch **Echo of His Call** monthly magazine to them at free of cost.

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : **Triplicane, Chennai-5**
Name : **S. Sam Selva Raj**
A/C No. : **1023 2934 679**
IFSC : **SBIN 00 00 249**
SWIFT CODE : **SBI NIN BB 455**

### *2. Bank : ICICI Bank*

Branch : **Anna Salai, Chennai-6**
Name : **Echo of His Call**
A/C No. : **6038 0502 2319**
IFSC : **ICIC 000 6038**

### *3. Bank : State Bank of India*

**(This Account is for Tax Exemption for Indians only )**

Branch : **Triplicane, Chennai-5**
Name : **Echo of His Call Educational Trust**
A/C No. : **1023 2923 805**
IFSC : **SBIN 00 00 249**

**Google Pay: 98410 71858**
**PayPal : SAM SELVA RAJ**
*****
**E.mail : sam@echoofhiscall.org**

# તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

**વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/-** **આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-**

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

**અમારૂં સરનામું ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
**Postal Regn. No. TN/CH/(C)/203/21-23**
**WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23**
**Date of Publication: Third week of every month**
**Date of Posting : 15th & 16th of every month**
**Posted at "Egmore RMS / 1 Patrika Channel"**
**on 16th JULY 2022**

**If un-delivered please return to:**

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

**To**

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by him at **Echo of His Call Printers**, New No. 8 & 10, Old No. 18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**